ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૫૯/૨૨–૨૩/ 163 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી.,**
**બંસલ હાઉસ,**
**આતાભાઈ ચોક,**
**ભાવનગર–૩૬૪ ૦૦૧**

કેસ નં.૫૯/૨૨–૨૩

**મો.નં– ૦૨૭૮ ૨૫૭૦૫૦૦**

**વિષય : અમારા એચ.ટી.કનેકશન નં–૨૪૧૬૭ નું ખોટું બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૪/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૨–૨૩/૩૫૩૮ તા.૦૧/૧૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૨–૨૩/૩૫૫૨ તા.૦૩/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૧૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૯/૨૨–૨૩** ☜

વાદી :– **મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી.,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૪/૧૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી વી.એલ.શાહ (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર તથા શ્રી એસ.આર.ચૌધરી, સુપ્રિ.ઓફ એકા., વર્તુળ કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી., મું.ભાવનગરની એચ.ટી.કનેકશન નં–૨૪૧૬૭ નું ખોટું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૯/૨૨–૨૩/૩૫૩૮ તા.૦૧/૧૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૧૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી. વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી વી.એલ.શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર તથા શ્રી એસ.આર.ચૌધરી,સુપ્રિ.એકા., વર્તુળ કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**1.1**

We are a Private Limited Company registered under Company's Act 2013 and Indulged in steel processing business including furnace and rerolling mill and having our plant situated at survey No. 1020 & 1021/1, Paiki, Village: Chamaradi, Tal.: Vallabhipur Dist.: Bhavnagar, Gujarat. We are EHT consumer with PGVCL Bhavnagar (Rural) division having connection No. 24167 and presently contract demand of 29700 KVA under HTP IV tariff. Our connection was released on 2.8.2021 with 12700 KVA contract demand. As our industries was expanding we had asked further load extension as per tabled.

| Sr. No | Date | Existing Load | Load Extension | New Contract demand |
|---|---|---|---|---|
| 1 | 02.08.2021 | New Conn | | 12700 |
| 2 | 24.01.2022 | 12700 | 6000 | 18700 |
| 3 | 15.05.2022 | 18700 | 11000 | 29700 |

At the time of releasing the new demand or load extension, the demand charges were collected which is not in line with GERC tariff order. We notice the disparity during internal audit in the first bill issued to us for the month of August 2021 (**Annexure-2**) and draw attention of the respondent by letter dated 4.6.2022 (**Annexure-3**) but no reply is received from the responding side. In the same way at the time of every load extension, the bill issued with wrong calculation of demand charges. The disputed bills are annexed with this as Bill for February-2022 (**Annexure-4**) and Bill for May –2022 (**Annexure-5**). Against bill of May-2022, we draw attention of the respondent vide our letter dated 28.5.2022 (**Annexure-6**) as there is a mistake in calculation of unit as well as demand charge. As per tradition no reply is forwarded from the respondent. Against the wrong billing by the respondent, we are filling our Grievance in you Hon'ble forum under GERC Regulation for CGRF and Ombudsman issued vide notification No.2 of 2019.

**1.2 Fact of the case :**

**a) Bill of August 2021**

We had applied for new EHT connection of 12700 KVA under HTP IV tariff and the same was released on 2.8.2021. We received a bill titled bill for the month of August 2021 for Rs 19,35,278.28 (**Annexure-2**).

As we are not an Open Access Consumer, our monthly billing cycle starts from 16$^{th}$ of each month. As our connection was released on 2 day of the month, our bill should be issued considering proportionate demand charges from 2 August to 15 August i.e. for 14 days. The demand charge was collected for 29 days.

**b) Bill of February 2022 :**

Our load extension of 6000 KVA was deemed release on 23.1.2022 making total contract demand of 18700 KVA. Again the bill issued with the wrong calculation for demand charges. The maximum demand recorded during the month is 12648 KVA. As deemed load extension is released on 23.1.22, the demand

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

charges up to 21.1.2022 should be charged considering contract demand of 12700 KVA (7days) while for remaining 21 days, it should be charged with contract demand of 18700 KVA (minimum 85% i.e. 14895 KVA). The bill is issued in 3 parts but it is not as per actual data so the bill should be revised accordingly.

**c) Bill for month of May 2022 :**

The next load extension from 18700 to 29700 KVA is released on 15.5.2022. Being the last day of the billing cycle, the load extension is to be considered for 1 day only. The recorded maximum demand for the month was 19720. So demand charge should be considered with CD of 18700 KVA for 30 days and with CD of 29700 KVA for 1 day only. It seems that demand charge was considered with new demand for 14 days which is against the GERC tariff.

In the same bill without any violation of HTP-IV tariff condition regarding 10 % unit consumption during daytime, the units are charged with HTP-I tariff. A letter is sent to the respondent on 28.5.2022 (**Annexure-6**) but the same was not replied in line with tradition of the respondent.

The CGRF of Bhavnagar in case No 6/2020-21 M/S Agrawal Metcast Pvt. Ltd. V/S Engr. (Rural) PGVCL, Bhavnagar had ordered that as per tariff order of GERC, the unit consumed in night during the total month should be considered while applying the condition of HTP-IV tariff for Violation. The said order is attached with this application for your ready reference please (**Annexure-8**).

As per above data, the bill for the month of August-2021, January-2022 and May-2022 is not calculated as per GERC tariff order. In the attached order of CGRF in case No. 6 of 2020-21, the Hon'ble, forum has also observed that there is no ground for counting demand charge from one date and energy charge from other date.

In such scenario there is a duplication of demand charge in all load extension cases under disguise of tradition without any supporting document, law or circular to recover such charges from different dates.

**1.3**

**PRAYER :**

1) The Hon'ble forum is prayed to order respondent to revise the bill for the month of August-2021, January-2022 and May-2022 in line with GERC Supply Code-2015 and tariff order.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

2) The refund after revision of subject bill should be granted with interest from the date of billing.

3) Any other relief, Hon'ble forum deemed fit to be granted.

**<u>વાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧**

મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી, એચ.ટી ગ્રાહક નં–૨૪૧૬૭ દ્વારા સંદર્ભ પત્ર નં–બીઝેડ/ફોરમ/૫૯/૨૨–૨૩/૩૫૩૮ તા.૦૧/૧૧/૨૦૨૨ થી નામદાર ફોરમમાં ખોટું વિજ બિલ બાબત અંગેની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. એચ.ટી.કનેકશન નં–૨૪૧૬૭ મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી.હાલમાં ૨૯૭૦૦ કેવીએ નું કનેકશન ધરાવે છે. જે કેસની ટૂંકી વિગત નીચે મુજબ છે.

(૧) સદર નવું વિજ કનેકશન ૧૨૭૦૦ કેવીએ તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે.

(૨) તા.૨૩/૦૧/૨૦૨૨ ના રોજ અનકનેકટેડ રીલીઝ ૬૦૦૦ કેવીએ રીલીઝ કરતા કુલ લોડ ૧૮૭૦૦ (૧૨૭૦૦+૬૦૦૦) કરવામાં થયેલ છે.

(૩) ગ્રાહકશ્રી દ્વારા ૧૮૭૦૦ કેવીએ થી ૨૯૭૦૦(૧૮૭૦૦+૧૧૦૦૦) કેવીએ લોડ વધારા તા.૧૫/૦૫/૨૦૨૨ થી રીલીઝ કરવામાં આવેલ છે. કેસ નં–૫૯/૨૨–૨૩ માં પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.

**૨.૨**

**(1) Bill of August-2021 :-**

એચ.ટી.કનેકશન ૧૨૭૦૦ કેવીએનું તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે. ઓગષ્ટ–૨૦૨૧ ના માસમાં ગ્રાહક દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે ડીમાન્ડ ચાર્જ ઓગષ્ટ–૨૦૨૧ માં ૧૪ દિવસનો જ ડિમાન્ડ ચાર્જ લેવા પાત્ર છે. પરંતુ, ખરેખર ઓગષ્ટ–૨૦૨૧ ના માસમાં તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ કનેકશન રીલીઝ કરવામાં આવેલ છે. તેથી તા.૦૨/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૧ એમ કુલ ૩૦ દિવસનો ડિમાન્ડ ચાર્જ પીજીવીસીએલ લેવામાં આવેલ છે. ડિમાન્ડ ચાર્જની ગણતરી નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| Contract | | | | |
| Demand | 12700 | | | |
| 85 % of C.D | 10795 | | | |
| Actual Demand | 360 | | | |
| Billing Demand | 10795 | | | |
| | | | | |
| For 1$^{st}$ 500 KVA | 500 | 50 | 25000 | |
| Next 500 KVA | 500 | 87 | 43500 | |
| Above 1000 KVA | 9795 | 158 | 1547610 | |
| Excess of C.D | 0 | 555 | 0 | Days |
| Total | 10795 | | 1616110 | 11 |
| **Demand Charge Calculated as on dtd.02.08.2021(30 day)** | | | **1563977.42** | **30** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આમ, જાન્યુઆરી–૨૦૨૧ માં આપેલ બિલ જે કંપની ના નિયમ મુજબ છે.

**(2) Bill of February-2022:-**

સદર એચ.ટી.કનેકશનમાં લોડ વધારો ૬૦૦૦ કેવીએ તા.૨૩/૦૧/૨૦૨૨ ના રોજ અનકનેકટેડ રીલીઝ કરવામાં આવેલ છે અને કુલ લોડ ૧૮૭૦૦(૧૨૭૦૦+૬૦૦૦) કેવીએ થયેલ છે. ડિમાન્ડ ચાર્જની કેલ્કયુલેશન શીટ એનેક્ષ્ચર–A બિલ–૧ અને બિલ–૨ તેની ગણતરી દર્શાવે છે. જે મુજબ કરેલ કાર્યવાહી અને વધારાનો લોડ રીલીઝ કર્યા મુજબ છે.

**(3) Bill of May-2022 :-**

સદર એચ.ટી.કનેકશનમાં તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ સાંજે ૧૫.૫૭ વાગ્યે લોડ વધારા માટે સ્થળ પર CTPT ચેન્જ ની કાર્યવાહી શરૂ કરેલ હતી. મે–૨૦૨૨ માસનું બિલ માટેના રીડીંગ તા.૧૫/૦૫/૨૦૨૨ રાતના સમય ૦૦.૦૦ સમયના હોય છે. તે મુજબ લોડ વધારાની પ્રોસેસ માટે CTPT થ ચેન્જ થયા બાદ KWH UNIT ૧૬૫૦ અને Night Unit ૧૮૦૦ KVARH Unit 150, Pick Unit 600 અને Night Unit 300 યુનિટનો વપરાશ આવેલ છે. આમ, કુલ ૧૬૫૦ ના ૧૦ % કરતા વધારે પીક યુનિટ વધારે આવેલ હોવાથી બિલના સેકન્ડ પાર્ટમાં એનર્જી ચાર્જ ૧૬૫૦ × ૪.૩૦ = ૭૦૯૫ ગણતરી કરવામાં આવેલ છે.

લોડવધારો ૧૧૦૦૦ કેવીએ તા.૧૫/૦૫/૨૦૨૨ના કરવામાં આવેલ છે અને કુલ લોડ ૨૯૭૦૦(૧૮૭૦૦+૧૧૦૦૦) કેવીએ થયેલ છે. ડિમાન્ડ ચાર્જની કેલ્કયુલેશન શીટ એનેક્ષ્ચર–બી બિલ–૧ અને બિલ–૨ તેની ગણતરી દર્શાવે છે. જે મુજબ કરેલ કાર્યવાહી અને વધારાનો લોડ રીલીઝ કર્યા મુજબ છે. જે કંપની ના નિયમાનુસાર છે.

**૨.3**

**Prayer :**

સદર ઉપરોકત બાબતો ધ્યાને લેતાં, બિલ નિયમ મુજબજ બનાવવામાં આવેલ હોય ગ્રાહકની રજૂઆત ગ્રાહય ન રાખવા અપીલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.સાંઈ બંધન ઈન્ફીનીયમ પ્રા.લી.ના નામ થી ૨૪૧૬૭ નુ એચ.ટી વીજ જોડાણ ધરાવે છે. તેમના દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલની ગ્રામ્ય વિજ કચેરી દ્વારા ઓગષ્ટ–૨૧ થી ફેબ્રુઆરી–૨૦૨૨ તથા મે–૨૦૨૨ ના આપવામાં આવેલ બીલો ખોટા તેમજ વધુ રકમના હોવા અંગેની રજુઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૪.૧૧.૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં વાદીના અધિકૃત પ્રતિનિધિ તેમજ પ્રતિવાદીના કાર્યપાલક ઈજનેરશ્રી હાજર છે તથા તેમની રજુઆતો કરેલ છે. વાદીની તા.૧૪/૧૦/૨૦૨૨ ની લેખિત તેમજ મૌખિક રજુઆતો ની સામે પ્રતીવાદી પીજીવીસીએલ દ્વારા તેમના પત્ર નં–૮૨૩૫ તા.૧૧/૧૧/૨૦૨૨ થી મુદાસર જવાબ કરી બિલો યોગ્ય અને નિયમોનુસાર હોવાનું જણાયેલ છે.

૩.૩ આ તબકકે પ્રતિવાદી તેની બીલીગ સીસ્ટમ બીલમાં ડીમાન્ડ ચાર્જનું કેલ્કયુલેશન સેટ કરેલ પ્રોગ્રામ મુજબ સંપૂર્ણ મહિનાનું જ બિલીંગ કરે છે. એટલે કે વપરાશ મુજબનું પાર્શીયલ (અંશત) સમયગાળાનું કરવા અસમર્થ હોવાની ઉણપ નો સ્વીકાર કરેલ છે.

૩.૪ બિલીંગની હિસ્ટ્રી જોતાં, તારીખ વાઈઝ નીચે મુજબનો કોન્ટ્રાકટ લોડ જણાય છે.

P.G.V.C.L. Bhavnagar.

| ક્રમ નંબર | વિગત બિલીંગ નો સમયગાળો | કોન્ટ્રાકટેડ લોડ |
|---|---|---|
| ૧ | તા.૦૨/૦૮/૨૦૨૧ થી તા.૧૫/૦૮/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૨ | તા.૧૬/૦૮/૨૦૨૧ થી તા.૧૫/૦૯/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૩ | તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૧૫/૧૦/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૪ | તા.૧૬/૧૦/૨૦૨૧ થી તા.૧૫/૧૧/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૫ | તા.૧૬/૧૧/૨૦૨૧ થી તા.૧૫/૧૨/૨૦૨૧ | ૧૨૭૦૦ |
| ૬ | તા.૧૬/૧૨/૨૦૨૧ થી તા.૧૫/૦૧/૨૦૨૨ | ૧૨૭૦૦ |
| ૭ | તા.૧૬/૦૧/૨૦૨૨ થી તા.૨૨/૦૧/૨૦૨૨<br>તા.૨૩/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૦૨/૨૦૨૨ | ૧૨૭૦૦<br>૧૮૭૦૦ |
| ૮ | તા.૧૬/૦૨/૨૦૨૨ થી તા.૧૫/૦૩/૨૦૨૨ | ૧૮૭૦૦ |
| ૯ | તા.૧૬/૦૩/૨૦૨૨ થી તા.૧૫/૦૪/૨૦૨૨ | ૧૮૭૦૦ |
| ૧૦ | તા.૧૬/૦૪/૨૦૨૨ થી તા.૧૪/૦૫/૨૦૨૨<br>તા.૧૫/૦૫/૨૦૨૨ થી તા.૧૫/૦૫/૨૦૨૨ | ૧૮૭૦૦<br>૨૯૭૦૦ |
| ૧૧ | તા.૧૬/૦૫/૨૦૨૨ થી તા.૧૫/૦૬/૨૦૨૨ અને ત્યાર પછી | ૨૯૭૦૦ |

૩.૫ ઉપરોકત હિસ્ટ્રી જોતાં સ્પષ્ટ જણાય છે કે, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ બિલીંગ ખામી યુકત છે. આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ માસ ઓગષ્ટ–૨૦૨૧, ફેબ્રુઆરી–૨૦૨૨, તેમજ મે–૨૦૨૨ ના બિલો રદ કરી ઉપર કોષ્ટક માં જણાવેલ જે તે સમયના હકીકતમાં નોંધાયેલ લોડ વપરાશને ધ્યાને લઈ, રીવાઈઝડ બિલ બનાવીને વાદીને આપવા. વ્યાજ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– **૧૪/૧૧/૨૦૨૨.**